# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : આરતી ભટ્ટ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૧૫-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## ચૂંટણી-ત્રીજા તબક્કાનો પ્રચાર ઝુંબેશ :

લોકસભા ચૂંટણીનાં બાકીનાં ત્રણ તબક્કા માટે પ્રચાર ઝૂંબેશે ગતિ પકડી છે. આજે વિવિધ રાજકીય પક્ષોનાં ટોચનાં નેતાઓ દેશનાં વિવિધ ભાગોમાં જાહેરસભાઓ અને રોડ શો યોજી રહ્યા છે.ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રના ડિંડોરી અને કલ્યાણમાં જાહેરસભા સંબોધી.તેઓ સાંજે મંબઇના ઘાટકોપરમાં રોડ શો પણ કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બંગાળમાં હુગલીમાં જાહેરસભા સંબોધી હતી. સાંજે તેઓ ઓડિશાના કટકમાં રોડ શો કરશે.કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે રાયબરેલી અને અમેઠીમાં જાહેરસભા સંબોધી.પ્રિયંકા ગાંધી વાડ્રા રાયબરેલીમાં નુક્કડ સભાઓમાં ભાગ લેશે.લખનૌમાં આજે ઇન્ડિ ગઠબંધનના પક્ષો કોંગ્રેસ અને સપાએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી.

**RNU અમદાવાદ**

---

## ગુજરાતના પૂર્વ રાજ્યપાલ-કમલા બેનીવાલનું નિધન :

**રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી કમલા બેનીવાલનું નિધન થયું છે.તે લાંબા સમયથી બીમાર હતા.ગુજરાતના રાજ્યપાલ અને 7 વખત ધારાસભ્ય રહી**

ચૂકેલા કમલા બેનીવાલે રાજસ્થાનના નાયબ મુખમંત્રી પણ રહી ચુક્યા હતા.તે કોંગ્રેસના વરિષ્ઠ નેતા હતા.તેઓ ગુજરાતની સાથે ત્રિપુરા,મિઝોરમના રાજ્યપાલ રહી ચૂક્યા છે.

**ચંદ્રવદન પટ્ટણી**

---

## રાજ્ય-વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટ પરિણામ માર્કશીટ :

રાજયની શાળાઓમાંથી આગામી **17**મી મે થી ધો-**12** વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટ **2024** પરીક્ષાના પરિણામની માર્કશીટ,એસ.આર. અને પ્રમાણપત્રો મેળવી શકાશે.ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની ગુજકેટ-**2024** પરીક્ષાની માર્કશીટ ટપાલ મારફતે મોકલી આપવામાં આવશે તેવું જણાવ્યું છે.

**RNU અમદાવાદ**

---

## માધ્યમિક શિક્ષણ બોર્ડ-પુરક પરીક્ષા :

શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પરિણામ સુધારવા ખાસ આયોજન કરવામાં આવ્યું છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ **2024** માં લેવાયેલ પરીક્ષા અને પૂરક પરીક્ષા બંને માંથી ઉચા પરિણામની પસંદગી વિદ્યાર્થીઓ કરી શકશે.પુરક પરીક્ષા માટે ૨૧ મે સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ જે વિષયમાં નાપાસ થયા હોય એટલા વિષયની અથવા તમામ વિષયની લેખિત પરીક્ષા આપી શકશે.સાથે જ માર્ચ **2024**ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પણ જેટલા વિષયની પૂરક પરીક્ષા આપવી હોય

તે આપી શકશે.વિજ્ઞાન પ્રવાહના રીપીટર વિદ્યાર્થીઓ રીપીટર વિષયોનીજ પૂરક પરીક્ષા આપી શકશે.ધોરણ-10 ના વિદ્યાર્થીઓ આ વર્ષે 3 વિષય ની પૂરક પરીક્ષા આપી શકશે.જ્યારે ધોરણ-12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ 2 વિષયની પૂરક પરીક્ષા આપી શકશે.શિક્ષણ બોર્ડ દ્વારા  આગામી જૂન માસના અંતમાં પૂરક પરીક્ષા યોજવાની આયોજન કરાઇ રહ્યું છે.

કચ્છ જીલ્લામાંથી એક અથવા વધુ વિષયોમાં નાપાસ થનાર ૨૦૫ અને પરીક્ષામાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે.

**RNU અમદાવાદ**

---

## આર.ટી.ઈ હેઠળ પ્રવેશ-કાર્યવાહી :

કચ્છ જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ ફોર્મ ભરાયા હતા.આ અંગેની વિગતો આપતા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભુપેન્દ્રસિંહ વાઘેલાએ માહિતી આપતા જણાવ્યું હતું કે આર.ટી.ઈ. ની જિલ્લામાંથી ૩૭૯૭ જેટલી આવી હતી.તે પૈકી ૨૩૪૦ અરજી માન્ય રહી તેના પ્રથમ રાઉન્ડમાં ૧૧૨૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.જેમાં ૧૦૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યું હતું.

વાલીઓએ rte.orpgujrat.com પોર્ટલ પરથી એડમીશન કાર્ડ ડાઉનલોડ કરી ૨૦ મે સુધી શાળામાં જરૂરી અસલ આધારો દર્શાવી શાળામાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.અન્યથા પ્રવેશ રદ થશે.શાળાએ ઓનલાઈન એડમીટ કરી પહોંચ આપવાની રહેશે.

**NP-આરતી ભટ્ટ**

---

## જીલ્લામાં કમોસમી વરસાદ :

કચ્છમાં સતત ત્રીજા દિવસે પણ ભારે ગરમી બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવીને વા-વંટોળ અને વીજળીના કડાકા ભડાકા સાથે ભુજ,ભચાઉ,અબડાસા નખત્રાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે.કમોસમી વરસાદને પગલે કચ્છના ખેતી કરતાં ખેડૂતોમાં પાકના નુકસાન અંગે ચિંતાની લાગણી ફેલાઈ છે.

**આરતી ભટ્ટ/પદ્દણી ભાઈ**

---